# યુવતીનું અપહરણ કરી સિગારેટના ડામ આપી ચાલુ કારે ધક્કો મારી દીધો...

## ગાંધીનગર નજીક કુડાસણમાં સમી સાંજે મહિલા કારચાલક અને સાથે આવેલા શખ્સે રસ્તે જતી યુવતીને કારમાં દબોચી અપહરણ કર્યુ હતુ

ગાંધીનગર, તા. ૨૯

મહિલા સલામતી માટેની ગંભીર પ્રકારની ઘટના આજે ગાંધીનગરમાં સામે આવી છે. ગાંધીનગર નજીક સમી સાંજે એક યુવતીને સફેદ રંગની કારમાં અજાણ્યા ઈસમો અપહરણ કરી લઈ ગયા હતા. અને કારમાં ગોંધી રાખી ઢોર માર મારી સિગારેટના ડામ આપી ૧૦ મિનિટ બાદ ચાલુ કારમાંથી નીચે ફેંકી દીધી હતી. ગંભીર રીતે ઘાયલ યુવતી હતપ્રત બની ગઈ છે. પાટનગરમાં સમી સાંજે રસ્તે જતી યુવતીને કારમાં દબોચી અમાનવીય હરકત કરતા અજાણ્યા શખ્સો હજુ પોલીસના હાથ લાગ્યા નથી. પરંતુ સમાજ માટે આ કિસ્સો લાંછનરૂપ અને ભયજનક પુરવાર થયો છે. સ્થાનિક પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ઘવાયેલી યુવતી ભયભીત બની હતી : અપહરણકારો ફરાર : પોલીસ પેટ્રોલિંગના દાવા ફોકટ : મહિલાઓની સલામતીને લઈ સમાજ માટે ચિંતાજનક કિસ્સો : નગરમાં ગુનાખોરી વકરી**

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નગરમાં દિનપ્રતિદિન મહિલાઓની સુરક્ષા અને સલામતીનો પ્રશ્ન ગંભીર બન્યો છે. શાંત શહેરની ઓળખ ધરાવતા પાટનગરમાં હવે મહિલાઓ પણ સુરક્ષિત રહી નથી અને મોટા શહેરોમાં થતી ગંભીર ઘટનાની જેમ હવે ભયની લાગણી અનુભવી રહી છે. બીજી બાજુ મહિલા સુરક્ષા અને અભયમ સેવાઓ અયોગ્ય ઠરી રહી છે. આ ઘટનાની વિગત એવી છે કે પાટનગરના આંગણે દિવ્યજીવન બંગ્લોઝ સામે કુડાસણ ખાતે રહેતી ૨૬ વર્ષીય યુવતી રીપલ જગદીશભાઈ ચૌહાણ પોતાના ઘરેથી સાંજે ચાલવા નીકળી હતી. દરમિયાન હોન્ડાસીટી જેવી સફેદ રંગની કાર જેમા મહિલા કારચાલક અને અન્ય એક કાર સવાર ઈસમ બેઠા હતા અને માર્ગ પર ચાલતી રીપલને અચાનક જ મોઢુ દબાવી કારમાં દબોચી લીધી હતી અને મહિલા કાર ચાલકે પુરપાટ ઝડપે કાર હંકારી હતી અને કારમાં સવાર અન્ય ઈસમે અપહ્યુત યુવતીને ઢોર માર મારી ગળાના ભાગે સિગારેટના ડામ આપી મારી નાખવાની ધમકીઓ આપી હતી. અંદાજે ૧૫ મિનિટ જેટલો સમય કારમાં અપહ્યુત યુવતીને કરાવી રાધે બંગ્લોઝ નજીક ચાલુ કારમાંથી બહાર ફેંકી દીધી હતી. પરિણામે યુવતીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ સંદર્ભે ઘાયલ યુવતીએ ઈન્ફોસીટી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા કાર સવાર બે ઈસમો વિરૂદ્ધ અપહરણ અને માર મારવાની ફરિયાદ નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.



ખીચોખીચ સ્કૂલ વાન - ગાંધીનગરના માર્ગો પર સ્કૂલ ટાઈમ પર આવા દશ્યો ઢગલાબંધ જોવા મળે છે... સ્કૂલવાનમાં બાળકોને મોકલવા વાલી રાજી થાય છે પરંતુ આવા દશ્યો જોવે ત્યારે મનમાં પ્રશ્ન ઉદ્દભવે કે કેવી રીતે ખીચોખીચ ભરાયેલી વાન બાળકોને કેટલી હાલાકી ભોગવવી પડતી હશે...? ભાર વગરના ભણતરની ચર્ચા કરતા આપણા સમાજમાં જગ્યા એટલા બાળકો... એવા સ્કૂલ વ્હીકલની ચર્ચા જરૂરી છે... અને આ માત્ર ચર્ચા નથી ચિંતા છે... કેટલી સલામતિ, કેવી સલામતિ અને કેટલી પરેશાની..? તંત્ર, સમાજ અને સ્કૂલવાનના ચાલકો સમયસર જાગૃતિ બને, જરૂરી નિર્ણયોની અમલવારી કરે એવી અપેક્ષા વ્યક્ત કરવાની ભાવના સાથે આ તસવીર પ્રસ્તુત છે... સામાન્ય રીતે બાળકોને શાળાએ લાવવા-લઈ જવા માટેના વાહનો પર 'સ્કૂલવાન' અવશ્ય લખેલું હોય છે... પરંતુ અહીં એવું ક્યાંય દશ્યમાન થતું નથી... જોકે પ્રશ્ન એ પણ ઉદ્દભવે છે કે, આર.ટી.ઓ.માં આ વાહનોની સ્કૂલવાન તરીકે નોંધણી કરાવી છે કે નહી...? **(તસવીર : કશ્યપ નિમાવત)**

# સે-૧ ના તળાવની ફુડકોર્ટ બે વર્ષથી ખંડેર હાલતમાં

## દુકાનો ભાડે આપવામાં તંત્રની નિરસતા : ફુડકોર્ટની ૫ દુકાનો તૈયાર કરવા ૨૪ લાખ ખર્ચાયા પણ સહેલાણીઓને સુવિધા મળતી નથી

ગાંધીનગર તા ૨૯

સેકટર -૧ ના તળાવમાં વરસાદી દિવસોમાં પાણી ભરાતા રોનક નિખરે છે. આખું વર્ષ ખાલીખમ ભાસતા તળાવમાં વરસાદી પાણી ભરાતા તળાવનો નઝારો કાંઈક અંશે જીવંત બને છે. પરંતુ તળાવને પીકનિક સ્પોટ બનાવવાની યોજના હજુ પણ સાકાર થઈ શકી નથી.જયારે અંદાજિત રૂપિયા ૨૪ લાખના ખર્ચે નિર્માણ કરાયેલી ફુડકાર્ટની દુકાનો પણ કોઈને ફાળવવામાં ન આવતા સહેલાણીઓને કોઈ સુવિધા મળતી નથી.દુકાનો ભાડે આપવાની યોજનાનું ટેન્ડર પણ રદ કરી દેવાયુ છે.

શહેરમાં સેકટર -૧ ખાતે તળાવ નિર્માણ કરવાની યોજનાને એક દાયકાના અંતે પણ અંજામ આપી શકાયો નથી.કરોડોના ખર્ચે તળાવને પીકનીક સ્પોટ બનાવવાની વાતો બાદ કામગીરીના અમલના નામે મીંડુ છે.તળાવ તૈયાર કરી દેવાયા બાદ પણ વર્ષો સુધી તેમાં પાણી ન ભરાતા ખાલીખમ તળાવ પણ આકર્ષણ વિહોણું ભાસે છે. તળાવ વિકાસના કામમાં આમ પણ દાયકાનો સમય વીતી ગયો હોવાછતા તેને અંજામ આપી શકાયો નથી. જયારે તળાવ આસપાસ બગીચાનું પણ નિર્માણ

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની સર્વ વિભાગને તાકીદ સ્વચ્છતા રાખો, મચ્છર ઉત્પત્તિ અટકાવો

ગાંધીનગર, તા. ૨૯

ચોમાસુ ઋતુ દરમિયાન મેલેરિયા અને ડેન્ગ્યુ સહિતના મચ્છરજન્ય રોગચાળાનો ફેલાવો વધતો હોય છે ત્યારે આ સ્થિતિમાં રોગચાળાને નિવારવા ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વિભિન્ન સરકારી વિભાગો સાથે સંકલન સાધવામાં આવી રહ્યું છે. આવાસો, છાત્રાલયો, કચેરીઓ, ઉદ્યાનો સહિત વગેરે સ્થળો પર પાણીનો ભરાવો ન થાય તથા મચ્છરના ઉત્પત્તિ સ્થાનો દૂર થાય તેવી વિવિધ કાર્યવાહીમાં સહભાગી થવા કચેરીઓને પત્રો પાઠવવામાં આવ્યાં છે.

મેલેરિયાના કેસોમાં વધારો ન થાય તે માટે મચ્છરોની ઉત્પત્તિ અટકાવવી જરૂરી બની છે. મેલેરિયા અને ડેન્ગ્યુના વાહક મચ્છરો ચોખ્ખા પાણીમાં ઈંડા મુકી લાર્વા, પ્યુપા અને અંતે પુખ્ત મચ્છર તરીકે અઠવાડિયામાં વૃદ્ધિ પામતાં હોય છે. દરમિયાન ચોમાસુ સીઝનમાં મચ્છરજન્ય રોગચાળો વકરવાની સંભાવના વધુ હોય છે. ત્યારે ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વિભિન્ન સરકારી કચેરીઓ, વિભાગોને મેલેરિયા વિરોધી કાર્યવાહીમાં સહભાગી થવા જણાવાયું છે.

જેમાં મચ્છરોની ઉત્પતિ અટકાવવાના પગલાં રૂપે છાત્રાલયો, આવાસો, કચેરીઓ વગેરે સ્થળોએ પાણીની ટાંકી હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવાં, ધાબા પર પાણી જમા ન થાય તે માટે વ્યવસ્થા કરવા, પાણીની ટાંકીઓ આસપાસ પાણીનો ભરાવો દૂર કરવા, ખાલી આવાસોની ટાંકીઓમાં આઉટલેટની વ્યવસ્થા ગોઠવવા, અઠવાડિયામાં એકવાર પાણીની ટાંકી ખાલી કરી સુકવવા, ફૂલદાની-છોડના કુંડાઓ વગેરેમાં ભરાઈ રહેતા પાણી દર ત્રીજા દિવસે ખાલી કરવા, ફ્રીજની ટ્રે-કુલર વગેરેમાં જમા થતું પાણી દર ત્રીજા દિવસે ખાલી કરવા, પાણીના લીકેજ બંધ કરવા, દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરવા, તાવ સારવાર કેન્દ્ર શરૂ કરવા અને ઉદ્યાનો-ઉપવનમાં મુકવામાં આવતા ફાઉન્ટેન-નાના જળાશયો વગેરેમાં અઠવાડિયામાં પાણી બદલવા તેમજ લોન-કુંડા વગેરેમાં પાણી ન ભરાય તે જોવું સહિતના પગલાં લેવા જરૂરી હોવાનું વિવિધ કચેરીઓ-વિભાગોને જણાવાયું છે.

# નાગરિક બેંકની ચૂંટણીમાં ૪૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

## નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૨ જુલાઇએ ચુંટણી : ગત બે ટર્મ દરમિયાન ઉમેદવારો બિનહરિફ ચુંટાયા હતા. ૪ જુલાઇએ ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થશે.ચુંટણીને અનુલક્ષી ઉત્તેજનાનો માહોલ

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર નાગરિક કોઓપરેટીવ બેંક લી ના બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણી આગામી તા ૧૨ જુલાઈના રોજ યોજવામાં આવશે. જયારે બેન્કની રસપ્રદ ચુંટણી પ્રક્રીયાને અનુલક્ષી આજે ઉમેદવારોના ફોર્મ સ્વીકારવાનો અંતિમ દિવસ હતો. જેના અંતે આ ચુંટણી જંગમાં ૪૮ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે. જો કે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની મુદત્તના અંતે તા ૪ જુલાઈના રોજ ચિત્ર સ્પષ્ટ થશે. જયારે આગામી તા ૧૨ જુલાઈના રોજ મતદાનની પ્રક્રીયા યોજવામાં આવશે.

શહેરમાં નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચુંટણીમાં સ્થાનિક રાજકીય સમીકરણો ઉપરાંત નગરના આગેવાનો પણ ડોળો મંડરાવીને બેઠા હોવાથી ચુંટણીલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે.

શહેરમાં ચુંટણી ચકરાવોના ટાંણે વાતાવરણમાં ગરમાવો આવી જાય છે. રાજકીય ચુંટણીની સાથે બેંકીંગ ક્ષેત્રે પણ ચુંટણીલક્ષી પ્રક્રીયામાં ઉત્તેજના પ્રવર્તે છે. ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણી પણ રસપ્રદ બની રહેતા ઉમેદવારોની પ્રતિષ્ઠા દાવ પર લાગે છે. જો કે ગત બે વખતની ટર્મ દરમિયાન ઉમેદવારો બિનહરિફ વિજેતા જાહેર થતા આ વખતે ચુંટણી યોજાશે કે કેમ તે મામલે પણ અનેક અટકળો ચર્ચાની એરણે છે. બીજીતરફ બેંકના બોર્ડ ઓફ ડિરેકટરની નિમણુંકને અનુલક્ષી ચુંટણી સંદર્ભેની પૂર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેમાં તા ૨૭ થી ૨૯ જૂન દરમિયાન ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવ્યા હતા. જેના અંતે પ્રાથમિક તબક્કે ૪૮ ઉમેદવારોએ ફોર્મ ભરીને સુપ્રત કર્યો છે. જેને અનુલક્ષી તા ૨ જુલાઈ સુધીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી કરીને ચોકસાઈ કરવામાં આવશે. જયારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની તારીખ ૪ જુલાઈ નિયત કરવામાં આવી છે. જેથી તા ૪ જુલાઈના રોજ જ ચુંટણીને

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદની ગેરહાજરીમાં શહેરમાં અસહ્ય બફારો

## માત્ર એક દિવસ વરસાદ પડ્યા બાદ ઉઘાડ નીકળતા ખુબ બફારો અનુભવાય છે : ભેજનું પ્રમાણ ઉંચુ રહેતા વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૯

ગયા અઠવાડિયે એકાદ-બે દિવસ વરસાદી માહોલ રહ્યો હતો અને શહેરમાં લગભગ ચારેક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો જો કે તે પછી ઉઘાડ નીકળતા ભયંકર બફારો અનુભવાય છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઉંચુ રહેતા સૌ કોઈ પરસેવે રેબઝેબ થઈ જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગેસ્ટ હાઉસ મેનેજર્સ એસોસીએશનની 'યાદગાર સ્મરણિકા વિમોચન



ગાંધીનગર, તા.૨૯

માર્ગ-મકાન મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતીઓમાં રહેલી 'આતિથ્ય દેવોની ભાવના' થકી ગુજરાતે દેશ-વિદેશમાં અનોખી ભાત ઉભી કરી છે. રાજય સરકારના હકારાત્મક અભિગમ અને કર્મયોગીઓની ટીમ ભાવનાથી કામ કરવાની ધગશના કારણે આ શકય બન્યું છે.

આજે ગાંધીનગર ખાતે ધી ગેસ્ટ હાઉસ મેનેજર્સ એસોસીએશન દ્વારા પ્રકાશિત 'યાદગાર સ્મરણિકા-૨૦૧૫'નું વિમોચન કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દરેક પ્રજાની સમાજમાં આગવી ઓળખ હોય છે. તેમાં ગુજરાતીઓએ પણ 'આતીથ્ય ભાવ' ને ઉજાગર કરીને રાજયને ગૌરવ અપાવ્યું છે. રાજયના સરકીટ હાઉસ, વિશ્રામગૃહોના મેનેજરોએ દેશ-વિદેશ અને વિવિધ રાજયોમાંથી આવતા મહેમાનોને રાજય સરકારના પ્રતિનિધિ તરીકે જે સત્કારભાવ પૂરો પાડયો છે તેના થકી આ સંભવ બન્યું છે.

શ્રી પટેલે ઉમેર્યું કે, ગુજરાતીઓનું દરેક ક્ષેત્રે યોગદાન રહયું છે. પછી તે આઝાદીની લડત હોય, નવનિર્માણ આંદોલન હોય, કટોકટી કાળનો વિરોધ હોય કે પછી વિકાસના વિવિધ ક્ષેત્રો હોય તેમાં ગુજરાતે અગ્રેસર રહીને દેશને નવો રાહ ચીન્ધ્યો છે. તેમણે રાજયના તમામ ગેસ્ટહાઉસોમાં સ્વચ્છતા

● અનુસંધાન પાન-૭ પર

**જાહેર આભાર**



**હિરાભાઈ જીવાભાઈ ધાનેક**
ડીરેક્ટર, ધી તલોદ નાગરીક સહકારી બેંકલિ., તલોદ

તલોદની પ્રતિષ્ઠિત નાગરીક બેંકની ચૂંટણીમાં મને ડિરેક્ટર તરીકે વિજયી બનાવવા બદલ તમામ સભાસદો, મિત્રો, સ્નેહીજનો, શુભેચ્છકો, સગા-સંબંધીઓ તેમજ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. આપ સૌ તરફથી મને સોંપવામાં આવેલ આ જવાબદારી હું નિષ્ઠાપૂર્વક અદા કરી આપના વિશ્વાસને કાયમ રાખવાનો પ્રયાસ રાખીશ જેની ખાતરી આપું છું.

લિ.
આપનો ઋણાનુરાગી
હીરાભાઈ જીવાભાઈ ધાનેક

**બેસણું**



અમારા પિતાશ્રી **નાગરદાસ દેહાભાઈ વાળિયા (વતન-અંકેવાળીયા)** નું તા.૨૮-૦૬-૨૦૧૫ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૩૦-૦૬-૨૦૧૫ ને મંગળવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે

**સ્થળ : બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર**

દિપક નાગરદાસ વાળિયા (પુત્ર)
પ્રકાશ નાગરદાસ વાળિયા (પુત્ર)
ભરત નાગરદાસ વાળિયા (પુત્ર)
તથા સમગ્ર વાળિયા પરિવાર

ચતુરભાઈ નરસીભાઈ વાળિયા (પિતરાઈ)
બળવંતભાઈ બાબુભાઈ વાળિયા (ભત્રીજા)
નટવરભાઈ વશરામભાઈ વાળિયા (ભત્રીજા)
જગદીશભાઈ ગુલાબભાઈ વાળિયા (ભત્રીજા)

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃદ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Nirdosh
ફિલ્ટર સાથે
TOBACCO 100% FREE
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા). મો.: 9909898314
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

લીકેજ-મુકત ઘરો માટે
ADITYA BIRLA GROUP
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
**કૈલાસ ટ્રેડર્સ** (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com